દરેક કાર્યની શરૂઆત ભગવાનના સ્મરણથી કરવામાં જ જીવનું કલ્યાણ છે



આચમન

બિપિન પટેલ

કેવો છે સ્વભાવ માનવીનો?! વાત વાતમાં થેંક્યુ કહેનારા માનવીને ભગવાન પ્રત્યે જ અહોભાવ વ્યક્ત કરવા માટે સમય નથી. જેમણે આ પૂર્ણાંગ માનવશરીર આપ્યું, જેમણે બુદ્ધિ અને વિવેક આપ્યાં, જેમણે સુખ અને સગવડો આપ્યાં તેમના પ્રત્યે જ અહોભાવ વ્યક્ત કરવાનું કે તેમનો આભાર માનવાનું તેને યાદ નથી આવતું! હા! ક્યારેક કોઈક કઠિન કાર્યના પ્રારંભમાં તો તે ભગવાનને યાદ કરે છે. પરંતુ અંતે જ્યારે એ કાર્ય સંપન્ન થઈ જાય છે ત્યારે તેના પર તે 'આ તો મેં કર્યું'ની મહોર લગાવી દે છે. પરંતુ ભગવાન પ્રત્યે તે અહોભાવ કે આભારની લાગણી વ્યક્ત નથી કરતો. આ છે માનવીની કૃતઘ્ન મનોદશા!

સીતાજીની શોધ માટે નીકળેલા વાનરો સાગરના ઉત્તર કિનારે પહોંચી ગયા. જામ્બવાનજીએ હનુમાનજીને સાગર પાર લંકા તરફ જવા માટે પ્રેરિત કર્યા. હનુમાનજી રામસેવા-કાર્ય માટે સજ્જ થયા અને... 'નાઈ સબન્હિ કહું માથા ચલેઉ હરષિ હિયે ધરિ રઘુનાથા' - સૌને શિશ નમાવીને અને ભગવાન શ્રીરામને હૃદયમાં ધારણ કરીને - 'બાર બાર રઘુબીર સંભારી' - વારંવાર ભગવાન શ્રીરામનું સ્મરણ કરીને એવી રીતે ઉપડ્યા કે જાણે ભગવાન શ્રીરામનું અમોઘ બાણ જઈ રહ્યું હોય કે - 'જિમિ અમોઘ રઘુપતિ કર બાના, એહિ ભાંતિ ચલેઉ હનુમાના!' (શ્રીરામચરિતમાનસ, સુંદરકાંડ)

જરા વિચાર કરીએ! ભગવાન શ્રીરામે છોડેલા બાણમાં શક્તિ કોની છે? એ બાણમાં શક્તિ તો ભગવાન શ્રીરામની છે, બાણની પોતાની કોઈ શક્તિ નથી. બાણમાં જે ગતિ છે તે શ્રીરામની શક્તિ દ્વારા જ છે. હનુમાનજી પણ રઘુનાથજીના એ અમોઘ બાણની જેમ નિરહંકારી બનીને ઉપડ્યા કે જાણે તેમનામાં તેમની પોતાની કોઈ શક્તિ નથી. તેમનો ભાવ એવો છે કે જે કંઈ થઈ રહ્યું છે તે ભગવાન શ્રીરામની શક્તિ દ્વારા જ થઈ રહ્યું છે, તેઓ તો નિમિત્તમાત્ર જ છે. હનુમાનજી મહારાજ પોતે અતુલિત બળશાળી અને અત્યંત બુદ્ધિશાળી છે, પરંતુ તેઓ અકકડ નથી, અહંકારી નથી, નમ્ર છે એટલે તેઓ સૌની સમક્ષ શિશ નમાવીને અને સૌની શુભકામના મેળવીને પ્રસ્થાન કરે છે. રાવણ મહાજ્ઞાની અને મહાશક્તિશાળી હતો, પરંતુ તે મહા અહંકારી હતો, અકકડ હતો. તેનામાં નમ્રતાનો અભાવ હતો એટલે તેનું પતન થયું.

> હનુમાનજી મહારાજ પોતે અતુલિત બળશાળી અને અત્યંત બુદ્ધિશાળી છે, પરંતુ તેઓ અકકડ નથી, અહંકારી નથી, નમ્ર છે એટલે તેઓ સૌની સમક્ષ શિશ નમાવીને અને સૌની શુભકામના મેળવીને પ્રસ્થાન કરે છે

હનુમાનજીની બીજી વિશેષતા અહીં એ જોવા મળે છે કે વારંવાર ભગવાનનું સ્મરણ કરીને તેમણે તેમની યાત્રાનો પ્રારંભ કર્યો. પોતાના એ આચરણ દ્વારા તેઓ સમજાવે છે કે કોઈ પણ કાર્યના પ્રારંભમાં, મધ્યમાં અને અંતમાં ભગવાન શ્રીરામનું સ્મરણ કરીને કાર્ય કરીએ અને કાર્ય પૂરું થતાં અંતે ભગવાન પ્રત્યે અહોભાવ અવશ્ય વ્યક્ત કરીએ. બને છે એવું કે કાર્યના પ્રારંભમાં તો જીવ કદાચ ભગવાનનું સ્મરણ કરે પણ ખરો, પરંતુ કાર્ય સંપન્ન થતાં જ તેનો અહંકાર જાગી ઊઠે છે અને ભગવાનને ભૂલીને 'આ કાર્ય તો મેં કર્યું'નો મિથ્યા ભાવ દૃઢ કરે છે. આપણે વિનમ્ર બનીએ, નિરહંકારી બનીએ અને હૃદયમાં ભગવાન શ્રીરામને ધારણ કરીને તેમનું નિરંતર સ્મરણ કરતાં પ્રત્યેક કાર્ય કરીએ અને અંતે કૃતજ્ઞ બનીને ભગવાન શ્રીરામ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરીએ, તેમાં જ આપણું કલ્યાણ છે.

ગરીબોની અમીરી



અજવાળાં

દુર્ગેશ ઉપાધ્યાય


ધનશ્રી ગરીબ માણસ જ્યારે મનથી અમીર હોય છે ત્યારે એ ખૂબ સુખી હોય છે. એની પાસે ભલે કંઈ ન હોય, પરંતુ સંતોષ હોય છે. અને જેની પાસે સંતોષ છે, એ સૌથી અમીર છે. ઘણીવાર એવું જોવા મળે છે કે ગરીબોની અમીરી ક્યારેક અમીરોને પણ શરમાવે એવી હોય છે. ગુજરાતમાં ઉજ્જડ ગણાતા કચ્છનાં કેટલાંક ગામડાંઓમાં એક ધનિક શેઠ અનાજ અને કપડાં જાતે વહેંચવા ગયા હતા. એ સમયે દુષ્કાળ હતો. વળી, આ વિસ્તારમાં પાણીની પણ ભારે મુશ્કેલી હતી. આવા સંજોગોમાં શેઠ જરૂરિયાતમંદોને મદદ પહોંચાડી રહ્યા હતા. એક ગામના પાદરે શેઠે ગાડી ઊભી રાખી. બાજુમાંથી પસાર થઈ રહેલા એક ગરીબ માણસને થોડાં કપડાં આપતાં કહ્યું, 'લે ભાઈ, મારી સેવા સ્વીકાર.' પેલા ગરીબે નમ્રતાથી શેઠને કહ્યું, 'શેઠ, બરાબર છે. પણ આપણા ગામમાં સાચો ગરીબ તો પેલો ઝાડ નીચે બેઠો છે. એને આ વસ્ત્રો આપો.' એ સદગૃહસ્થ આશ્ચર્યથી તેની સામે જોતા રહ્યા. પેલો માણસ તો ત્યાંથી ચાલ્યો ગયો.

શેઠ ઝાડ નીચે બેઠેલા માણસ પાસે ગયા અને પેલાં વસ્ત્રો આપ્યાં. એટલે એ માણસ બોલ્યો, 'ધોળા શેઠ, આ ગામમાં પેસતાં જ એક ઝૂંપડું આવે છે. ત્યાં રહેતો એક મજૂર ખૂબ ગરીબ છે. એની પાસે કપડાં પણ નથી. એને આપો તો એ ખૂબ રાજી થશે.' શેઠ વિચારમાં પડી ગયા. આ કેવું ગામ છે? અહીં બધા મદદ લેવાની ના પાડે છે અને બીજાને મદદ કરવા જણાવે છે! આ ગામના ગરીબો પણ કેટલા અમીર છે! શેઠ પેલા ઝૂંપડાવાળાને શોધવા આગળ ચાલી નીકળ્યા. શેઠ વિચારતા હતા કે ફાટ્યાં-તૂટ્યાં વસ્ત્રો પહેરીને ફરતા ગરીબો પણ બીજાની ગરીબાઈનો વિચાર કરે છે. આ ગામ ખરેખર સરાહનીય છે. આ ગરીબો મનના અમીર છે. ભલે તેમની પાસે પહેરવા-ઓઢવાનાં પૂરતાં કપડાં નથી, પરંતુ જે છે તેમાં સંતોષ અનુભવે છે. શેઠને આજે સુખની ખરી ચાવી મળી ગઈ હતી અને એ ચાવી હતી સંતોષ. શેઠ આખું ગામ ફર્યા, પરંતુ ઘણા લોકોએ પ્રેમથી મદદ લેવાની ના પાડી અને જેને ખરેખર જરૂર હોય તેને મદદ કરવા કહ્યું. આ જ સાચી વાત છે. આજે મફત મળતું હોય તો જરૂર ન હોય એ પણ લેવા દોડે એવો જમાનો છે. ત્યારે આવા લોકો મળવા મુશ્કેલ છે. જેને ખરેખર જરૂર હતી એવા ગણ્યાગાંઠ્યા લોકોએ જ શેઠની મદદ સ્વીકારી. શેઠનો આનંદ સમાતો નહોતો. તેમને અહીં સાચા અમીર માણસોનાં દર્શન થયાં હતાં. આગળ જતાં એ શેઠે ગામમાં પાણીની ટાંકી બંધાવી આપી, પાણીની વ્યવસ્થા કરાવી, ગામનો રસ્તો પાકો બંધાવી આપ્યો અને અનેક સગવડો ઊભી કરીને ગામને આદર્શ ગામ બનાવ્યું.

> ઘણીવાર એવું જોવા મળે છે કે ગરીબોની અમીરી ક્યારેક અમીરોને પણ શરમાવે એવી હોય છે

સપ્તાહનાં વ્રત-તહેવાર

તા. ૨૩ થી તા. ૨૯ નવેમ્બર ૨૦૨૬



તા. ૨૩, સોમવાર

કારતક સુદ ચૌદશ-: વૈકુંઠ ચતુર્દશી પૂજન, જૈન ચોમાસી ચૌદશ, શ્રી સત્ય સાંઈબાબા જન્મજયંતી.

તા. ૨૪, મંગળવાર,

કારતક સુદ પૂનમ-: દેવ દિવાળી, ગુરુ નાનક, શ્રી હેમચંદ્રાચાર્ય જયંતી, ત્રિપુરારિ વ્રતની પૂનમ, તુલસી વિવાહ સમાપ્ત, પુષ્કર-સિદ્ધપુર મેળો, સિદ્ધાચલ યાત્રા, ભીષ્મ પંચક વ્રત સમાપ્ત, જૈન ચાતુર્માસ તથા કારતક સ્નાન સમાપ્ત, કાર્તિક સ્વામી દર્શન, વિઠ્ઠલ નવરાત્ર સમાપ્ત.

તા. ૨૫, બુધવાર,

કારતક વદ એકમ-:

તા. ૨૬, ગુરુવાર,

કારતક વદ બીજ-: થેન્ક્સગિવિંગ ડે.

તા. ૨૭, શુક્રવાર,

કારતક વદ ત્રીજ-: સંકટ ચોથ, ચોથ ક્ષય તિથિ.

તા. ૨૮, શનિવાર,

કારતક વદ પાંચમ-: મહાત્મા ફુલે પુણ્યદિન.

તા. ૨૯, રવિવાર,

કારતક વદ છઠ-: પૂ. શ્રી ડોંગરેજી મહારાજ પુણ્યતિથિ.

સુવિચાર

જીવન ટૂંકું છે, એટલે અહંકાર નહીં, પ્રેમ વહેંચો.